GJVL010005002026

Presented on : 27-04-2026
Registered on : 27-04-2026
Decided on : 08-05-2026
Duration : 11 Day

**મે.વલસાડના સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં, મુ.વલસાડ.**

**ફોજદારી રીવીઝન અરજી નં.૫૪/૨૦૨૬**
**આંક–**

**<u>અરજદાર</u>** :– કનુભાઇ રામજીભાઇ પટેલ
રહેવાસી : પટેલ સ્ટ્રીટ, વડોલી (કુંતા),
વટાર, તા.વાપી, જી.વલસાડ.

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા</u>** :– સ્ટેટ ઓફ ગુજરાત.

---

**<u>અરજી</u>** :– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૩૮ મુજબ.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી બી.પી.ભગત.
સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.પ્રજાપતિ.

---

**<u>–: હુ ક મ :–</u>**

(૧) અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૩૮ મુજબ હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિ.વ.શ્રી પોતાની દલીલોમાં જણાવે છે કે, વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૦૦૧૧૨૫૩૦૧૮/૨૦૨૫, પ્રોહી.એક્ટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨) તથા ૧૧૬(ખ) મુજબના ગુનાના કામે અરજદારનો મહિન્દ્રા કંપનીનો પીકઅપ ટેમ્પો પોલીસે કબજે કરેલ છે, તે બીલકુલ ખોટી રીતે કબજે કરેલ છે. આરોપીએ આ ટેમ્પોનો ઉપયોગ કોઇ ગુનામાં કરેલો નથી. અરજદારના અરજદારનો કબજે કરેલ ટેમ્પો

અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલ નથી, અરજદાર તેના માલિક છે. વધુમાં તેઓશ્રીની રજુઆત છે કે, મુદ્દામાલનો ટેમ્પો એ અરજદારની રોજીરોટીનું સાધન છે અને જો તે તેમને ન મળે તો અરજદારને કપરી મોંઘવારીમાં આર્થિક ભારી નુકસાન થાય તેમ છે. સદરહું ટેમ્પો લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના મશીનરી, ટાયર, ટયુબ, કલર, બેટરી વિગેરે બગડી જાય અને ખરાબ થઈ જાય તેમ છે અને તેથી પણ અરજદારના ટેમ્પોની કિંમત ઓછી થઈ જાય તેમ છે. આમ, મુદ્દામાલ વાહન એ અરજદારની રોજીરોટીનું સાધન હોય વચગાળાની કસ્ટડી તરીકે તેમને પરત કરવા વિનંતી કરે છે. વધુમાં વિ.ટ્રાયલ કોર્ટે ફકત અનુમાનના આધારે વાદગ્રસ્ત હુકમ કરેલાનું જણાય છે. જેથી વિ.ટ્રાયલ કોર્ટે પોતાના હુકમમાં આપેલાં તારણો ખોટા અને ગેરકાયદેસરના હોય, સદરહું હુકમ રદ્દ કરી, અરજદારની અરજી મંજુર કરી અરજદારને મુદ્દામાલ વાહન સોંપવા હુકમ કરવા દલીલ કરે છે.

(૩) સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.પ્રજાપતિ પોતાની દલીલોમાં જણાવે છે કે, વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદેસરનો અને ખરો હોય તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂર નથી. વિ.ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તેમાં કોઈ ભુલ કરેલી નથી અને કાયદાના સિધ્ધાંતોનું પાલન કરીને જ હુકમ કરેલ છે, અરજદારની જે ટેમ્પોમાંથી દારૂનો જથ્થો પકડાયેલો છે, તે તેઓની માલિકીનો છે. વધુમાં નામદાર સરકારશ્રીના નવા સુધારેલા કાયદા મુજબ ૨૦ લિટરથી વધુનો દારૂ જો વાહનમાંથી મળી આવે તો તેવા વાહનને અદાલત વચગાળાની કસ્ટડી તરીકે સોંપી શકે નહીં, તેવો સુધારો કરવામાં આવેલો છે, હાલના કેસમાં અરજદારના ટેમ્પોમાંથી કુલ્લે ૧૪૩.૮૨ લીટર દારૂ પકડાયેલ છે, તેથી જ વિ.ટ્રાયલ કોર્ટે તેઓની અરજી નામંજુર કરેલી છે, જેથી હાલની અરજી પણ ટકવાપાત્ર જણાઈ આવતી ન હોય, અરજદારની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષની દલીલો સાંભળવામાં આવેલ છે તેમજ વિ.ટ્રાયલ કોર્ટનો વાદગ્રસ્ત હુકમ ધ્યાને લીધેલ છે.

(૫) હાલની રીવીઝન અરજીનો ન્યાયિક નિર્ણય કરવા સારું નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–: મુદ્દાઓ :–**

(૧) શું વિ.ટ્રાયલ કોર્ટનો વાદગ્રસ્ત હુકમ ગેરકાયદેસર, કાયદાની જોગવાઈઅથી વિરૂધ્ધનો અને પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોથી વિરૂધ્ધનો છે અને શું આવા હુકમમાં આ અદાલતે હસ્તક્ષેપ કરી ફેરફાર કરવો જરૂરી છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદા નં.૧** :–

(૭) સદર કામે અરજી વંચાણે લીધી તથા તે લગત અરજદારના વિ.વ.શ્રીએ રજુ કરેલ કાગળો વંચાણે લીધા. પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યાં. હાલના કામે રજુ થયેલ એફ.આઈ.આર.ની નકલ, ત.ક.અ.શ્રીનો અભિપ્રાય તથા વાદગ્રસ્ત હુકમ વંચાણે લેતાં અરજદારની કારમાંથી પોલીસે ઈંગ્લીશ દારૂની બાટલીઓ મળી નંગ–૩૭૮ કિંમત રૂા.૨,૬૧,૯૦૦/–નો મળી આવેલો છે, જે દારૂની **માત્રા ૧૪૩.૮૨** લિટર જેટલી થાય છે. જેથી હાલના તબક્કે મુદ્દામાલનો ટેમ્પો અરજદારને પરત કરવું યોગ્ય જણાઈ આવતું નથી.

(૮) અરજદારે સદરહું વાહન પરત મેળવવા માટે વલસાડના વિ. બીજા એડી.જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૧ મુજબ મુદ્દામાલ અરજી દાખલ કરેલ હતી. જે અરજી બંને પક્ષને સાંભળીને વિ.ટ્રાયલ કોર્ટે અરજદારની અરજી નામંજુર કરેલ છે. વિ.ટ્રાયલ કોર્ટે અરજદારની અરજી નામંજુર કરવા માટેના જે કારણો આપેલાં છે, તે કારણો કાયદેસરના અને નામદાર ગુજરાત હાઈકોર્ટના **પરેશકુમાર જયકરભાઈ બમ્હભટ્ટ વિ. સ્ટેટ ઓફ**

**ગુજરાત (૨૦૧૮(૧) જી.એલ.એચ.પાના નં.૬૩૮)** ના ચુકાદા મુજબના છે.

**(૯)** વિ.ટ્રાયલ કોર્ટે વાદગ્રસ્ત હુકમ કરવામાં કાયદાની કે હકીકતની કોઇ ભુલ કરેલ હોય તેવું જણાઇ આવતું નથી. હાલના કેસમાં પકડાયેલ પ્રતિબંધીત દારૂનો જથ્થો ૨૦ લિટર કરતાં વધારે માત્રામાં મળી આવેલો છે અને તેથી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૯૮(૨) ની જોગવાઇ આકર્ષાય છે અને સંતોષાય છે, તેથી વિ.ટ્રાયલ કોર્ટે કરેલો વાદગ્રસ્ત હુકમ કાયદાની જોગવાઇ સાથે સુસંગત છે.

**(૧૦)** આ ઉપરાંત ગુજરાત નશાબંધીના નિયમો પૈકીના નિયમ નં.૯ ને ધ્યાને લેતાં એવું સ્પષ્ટ થાય છે કે, નામદાર સરકારશ્રીએ વાહનને રાજયસાત્ કરવાના કે વચગાળાના જામીન ઉપર છોડવાના કિસ્સામાં પ્રતિબંધીત દારૂની માત્રા ૨૦ લિટર સુધીની સુનિશ્રિત કરેલી છે. આ નિયમ સાથે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૯૮(૨) ની જોગવાઇને જોવામાં આવે તો પ્રતિબંધીત દારૂના જથ્થાના વાહતુકમાં વપરાયેલ અગર તો ઉપયોગમાં લેવાયેલ વાહન વચગાળાના જામીન ઉપર છોડી શકાય નહીં.

**(૧૧)** નામદાર ગુજરાત હાઇકોર્ટે **પરેશકુમાર જયકરભાઇ બમ્હભટ્ટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (ઉપરોકત)** ના કેસના ચુકાદામાં એવું સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરી આપેલ છે કે, જયારે કોઇપણ વાહનમાંથી મળી આવેલ પ્રતિબંધીત દારૂનો જથ્થો ૧૦ લિટર કરતાં વધારે હોય ત્યારે સેશન્સ કોર્ટને કે મેજીસ્ટ્રેટની કોર્ટને આવું વાહન વચગાળાના જામીન પર છોડવાની સત્તા અને હકુમત રહેતી નથી, એટલું જ નહીં પરંતુ આવા કિસ્સામાં નામદાર સુપ્રિમ કોર્ટનો સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિ. ગુજરાત રાજય(એ.આઇ.આર. (૨૦૦૩) સુ.કો. પાના નં.૬૩૮) નો ચુકાદો લાગુ પડતો નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટે આ કેસના ચુકાદાનાં ફકરા નં.૬૫ અને ૬૬ માં નીચે મુજબ ઠરાવી આપેલ છે :-

> *"**65.** My Final conclusion is Sec.98(2) of the Act, 1949 curtails the power of the*

*megistrate to order intream release of the seize vehicle under Sec. 451 and 457 of the Cr.P.C., as the case may be.* ***The courts below have no Juridiction*** *to order intriem release pending the trial of the seized vehicle in connection with the offence under the Act, 1949, if the quantity of the liquor recovered exceeds* ***10 litres*** *in quantity."*

*"****66.*** *The Legislature in its wisdom has prescribed a methodology to deal with the prohibition offences, seizure, confiscation, release, etc.*
*Once such a procedure is prescribed, the Courts have to examine the rights of the parties in accordance with the procedure so prescribed. I am unable to hold that the Magistrate and Revisional Court have committed any error in rejecting the applications preferred by the respective applicants under Sections 451 or 457 of the Cr.P.C. In view of the provisions of Section 98(2) of the Act, 1949, the general provisions laid down in* ***Sunderbhai Ambalal Desai vs. State of Gujarat [JT (2002) 10 SC 80]*** *cannot be pressed into service for release of vehicle from the Court of Magistrate."*

ઉપરોકત ચુકાદો **રીપોર્ટેડ અને સરકયુલેટેડ** ચુકાદો છે. જે ચુકાદા સાથે વાદગ્રસ્ત હુકમને વંચાણે લેતાં વિ.ટ્રાયલ કોર્ટે વાદગ્રસ્ત હુકમ કરવામાં કોઈ જ ભુલ કરેલી હોય કે ગેરકાયદેસરતા આચરી નથી અને તેથી આ અદાલતે આવા વાદગ્રસ્ત ચુકાદામાં હસ્તક્ષેપ કરવાપણું રહેતું નથી. જેથી વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય અને કાયદેસરનો હોય, અરજદાર **મુદ્દા નં.૧** પુરવાર કરવામાં સફળ રહેલ ના હોય, તેનો જવાબ **નકારમાં** આપી **મુદ્દા નં.૨** અંગે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>-: હુકમ :-</u>**

૧. અરજદારની હાલની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

૨. વલસાડના વિ.બીજા એડી.જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં ફો.પ.અ.નં.૬૫૯/૨૦૨૬ ના કામે તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ અરજદારની મુદ્દામાલ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલો છે, તે હુકમ યથાવત્ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હુકમ મુજબની જરૂરી યાદી વિ.ટ્રાયલ કોર્ટને કરવી.

હુકમ આજરોજ **તા.૮મી માહે મે સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી અને સહી કરીને જાહેર કર્યો.

તા.૦૮/૦૫/૨૦૨૬.

સ્થળ : વલસાડ.

**(નિપા ચંદ્રકાંત રાવલ)**
**સેશન્સ જજ**
**વલસાડ**
**કોડ નં.જીજે૦૦૩૭૦**